| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૧૪/૦૬/૨૦૨૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૪/૦૬/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ. | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | **વર્ષ** | **માસ** | **દિન** |
| | **૦૨** | **૧૦** | **૧૬** |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**રેગ્યુલર સીવીલ અપીલ નં.૭૨/૨૦૨૩**

**આંકઃ-19**

**વિવાદીઃ-** (૧) **ઠાકોર વિનોદસિંહ લક્ષ્મણસિંહ,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો.મજુરી,
રહે.પીપળાવાળો વાસ, લાયબ્રેરી પાસે,
વિજાપુર, તા.વિજાપુર, જી. મહેસાણા.

(૨) **ઠાકોર ભારતીબેન વિનોદસિંહ,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો.મજુરી,
રહે.પીપળાવાળો વાસ, લાયબ્રેરી પાસે,
વિજાપુર, તા.વિજાપુર, જી. મહેસાણા.

**વિરુધ્ધ**

**પ્રતિવિવાદીઃ-** (૧) **મોદી સુભદ્રાબહેન અરવિંદભાઇ,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો.ઘરકામ,
રહે. શાર્દુલ ટાઉનશીપ,રામબાગ મંદિર પાસે,
મુ.તા.વિજાપુર, જી. મહેસાણા.

---------------------------------

વિવાદી તર્ફે :- વિ.વ.શ્રી બી.એમ.પ્રજાપતિ

પ્રતિવિવાદી તર્ફે :- વિ.વ.શ્રી પી.આર. દેસાઇ

-----------------------------------

**વિષય :-**<u>સીવીલ પ્રોસીઝર કોડની ક.૯૬ મુજબ અપીલ</u>

**-// <u>ચુકાદો</u> //-**

(૧) આ કામે વિવાદીઓએ રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ ના દાવાના કામે વાદીના દાવા અરજીને મંજુર કરતાં આંક-૧૮ થી કરેલા પ્રિન્સીપાલ સીનીચર સિવિલ જજ,વિજાપુરનાઓના તા.૨૪/૦૨/૨૦૨૨ ના રોજના હુકમ તથા આંક-૧૯ થી તા.૦૨/૦૩/૨૦૨૨ના હુકમનામાથી નારાજ થઇ હાલની અપીલ ગુજારેલી છે, અને આ અપીલ દાખલ કરવા માટે જે કોઇ વિલંબ થયેલો તે વિલંબ દરગુજર કરવા માટે દિવાની પરચુરણ અરજ નં. ૧૭૩/૨૦૨૨ થી વિલંબ દરગુજર કરવાની અરજ ગુજારેલી, જે મંજુર થતાં તા.૧૪/૦૬/૨૦૨૩ના રોજ હાલની અપીલ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

વિવાદીની અપીલની ટુંકમાં હકીકત મુખ્ય હકીકત એવી છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામું કાયદા મુજબ યોગ્ય નથી અને ટ્રાયલ કોર્ટે ભુલ કરેલ હોવાથી હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે. ટ્રાયલ કોર્ટ દ્રારા પ્રતિવિવાદીના એકતર્ફી પુરાવાને માનીને હુકમ તથા હુકમનામું કરવામાં આવેલું છે જેથી તે રદ થવા પાત્ર છે. ટ્રાયલ કોર્ટ દ્રારા કાર્યવાહી કરી તકરારી વિષય વસ્તુ સંદર્ભે યોગ્ય મુદ્રાઓ કાઢવામાં આવેલા નથી. મુદાઓની જે છણાવટ કરવાની હતી તે રજુ થયેલ પુરાવાને ધ્યાને લીધા સિવાય છણાવટ કરી નિર્ણય કરેલો છે તેથી ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામું રદ થવાને પાત્ર છે. ટ્રાયલ કોર્ટ દ્રારા કરવામાં આવેલ હુકમ તથા હુકમનામું કાયદા અને હકીકતના પ્રશ્નોથી વિરુધ્ધનું અને ગેરકાયદેસરનું હોય તે રદ થવાને પાત્ર છે. દાવાના કામે હાલના વિવાદીઓનો બચાવ કરવા માટેની પુરતી તક મળેલી નથી અને તેથી ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલ હોય તે રીતે વિગતો રજુ કરી ટ્રાયલ

કોર્ટનો હુકમ રદ કરી વિવાદીએ હાલની અપીલ મંજુર કરવા દાદની માંગણી કરેલો છે.

(૨) આ કામે પ્રતિવિવાદીને અપીલના કામે નોટીસની બજવણી થયેલ છે અને વિદ્વાવ વકીલશ્રી મારફતે અદાલતમાં હાજર થયેલા છે પરંતુ તેઓએ વિવાદીની અપીલ મેમા સામે કોઈ લેખિત જવાબ, વાંધા રજુ કરેલા નથી.

(૩) આ કામે વિવાદીએ આંક–૧૫ થી લેખિત દલીલ રજુ કરેલ છે જેની વિગત ધ્યાને લીધી.

(૪) આ કામે પ્રતિવિવાદી તર્ફે આંક–૧૮ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. જેની વિગત ધ્યાને લીધી.

(૫) રે.દી.મુ.નં. ૨/૨૦૨૦ના કામે વાદીએ પોતાની દાવા અરજીમાં વિગતોનું પ્લીડીંગ કરેલું છે તે અત્રે શબ્દસહઃ નોંધવું ખુબજ જરુરી છે અને તે એવું છે કે,

> " મોજે વિજાપુરમાં અમારી માલકીનું મકાન આવેલ છે. સદર મિલક્ત વિજાપુર મુકામે પીંપળાવાળા વાસમાં, મકરાણી દરવાજા અંદર, લાયબ્રેરી પાસે, મુ.તા.વિજાપુર મુકામે આવેલી છે. સદર અમારૂ મકાન પાકુ ધાબાબંધી છે જેમાં ચાર ખંડ આવેલા છે તેમાં આગળ ઓસરી આવેલ છે અને વચ્ચેના બે રૂમ આવેલ છે જ્યારે છેલ્લો રૂમ બહાર જાહેર રસ્તા ઉપર પડે છે અને તેનો દુકાન તરીકે ઉપયોગ કરી શકાય તેમ છે. જે મિલકત અમો વાદીએ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૬૭૮ તા.૧૯/૦૯/૧૯૯૧ના રોજ રૂ.૩૫,૦૦૦/–માં ભાવસાર લીલાચંદ નાથાલાલ

તથા બાબુલાલ લીલાચંદ નાઓ પાસેથી વેચાણ રાખેલ, જેનો સીટી સર્વે નં. ૫૮૨ છે જેનું ક્ષેત્રફળ (ચો.મી) ૫૨.૧૧૮૭ છે, જે મિલત સીટી સર્વે ના રેકર્ડે સામે – ૧૯૯૧ થી અમો વાદીના નામે ચાલે છે અને વિજાપુર નગર પાલિકામાં મિલકત નં. ૧/૧/૮૮/એ થી મકાન તથા દુકાનના નંબરો પડેલ છે જેમાં આ વાદીનું નામ ચાલે છે અને વેરો પણ અમે ભરીએ છીએ, જે મકાનના હદ ખુંટ નીચે મુજબ છે.

ઉત્તરેઃ– ચૌધરી રેવાભાઇનું મકાન આવેલ છે.

દક્ષિણઃ–સથવારા દશરથભાઈ અંબાલાલનું મકાન આવેલ છે.

પુર્વેઃ– સદર મકાનનો પાછળનો ભાગ આવેલ છે તે પાર જાહેર રોડ આવેલ છે.

પશ્ચિમઃ– સદર મકાનનું મુખ્ય બારણું આવેલ છે.

અમો વાદીનો દિકરો આશિષ વિજાપુર મુકામે આવેલ શાર્દુલ ટાઉનશીપમાં મકાન ધરાવતો હોઈ અને અમો વયોવૃધ્ધ થયેલા હોઈ તે અમીને તથા અમારા પતિ તથા અમારો બીજો દિકરો નિલેશ જે માનસિક અસ્થિર છે તેઓને તેની પાસે રહેવા લઈ ગયેલો, જેથી પીપળાવાળા વાસમાં આવેલ ઉપરોક્ત વર્ણન વાળુ મકાન ખાલી પડી રહેલ. જેથી આ કામના પ્રતિવાદીઓ સને –૨૦૧૪ પહેલા કે બીજા મહીનામાં અમારા ઘરનુ તાળુ તોડી ગેરકાયદેસર અપપ્રવેશ કરેલો અને ત્યારથી અમારુ મકાન બનાવી પડેલા છે. જેથી અમોને સલાહ મળ્યા મુજબ અમોને પ્રતિવાદીઓ ઉપર વિજાપુર પોલીસ સ્ટેશનમાં તા. ૨૬/૦૨/૨૦૧૪ ના રોજ ફરીયાદ કરેલી, તેમ છતાં

પ્રતિવાદીઓએ અમારી દાવાવાળી મિલક્ત ખાલી કરી આપેલ નહી.ત્યારબાદ સદર કામના પ્રતિવાદીઓને ફરીયાદવાળી વાતની જાણ થતાં પ્રતિવાદીઓએ અમો વાદી તથા અમારા પતિ ઉપર મે. વિજાપુરના સિવીલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૨૫/૨૦૧૪ નો દાવો રૂા. ૧,૦૦૦/- ના આંકથી કાયમી મનાઈ હુકમ માટેનો દાવો સદર મિલક્ત પ્રતિવાદી (વાદી) તેમના નોકરો, એજન્ટો ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી તેમજ અમો વાદી (પ્રતિવાદી) ના કબજા ભોગવટામાં હસ્તક્ષેપ કરે કરાવે નહી તેમજ સદર દાવાવાળા ભાડુઆતવાળા મકાનનું ભાડુ પ્રતિવાદીઓ લેતા હોઈ વાદી નં. ૧ ના નામે ભાડાચિઠ્ઠી કાયદેસર કરી આપે તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીને ફરમાવતુ હુકમનામું વાદીની તરફેણમાં કરી આપવા મહેરબાની કરશોજી તથા પ્રતિવાદી કે તેના નોકરો વાદીના ભાડાના મકાનના કબજા ભોગવટામાં પ્રતિવાદી ગેરકાયદેસર નુકશાન કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવશોજી. તેવો દાવો દાખલ કરેલ જેમાં વાદીઓએ જવાબ પણ આપેલો છે કે વાદીએ પ્રતિવાદીઓને કોઈ દિવસ દાવાવાળી મિલક્ત ભાડે આપેલ નથી કે તેઓએ કોઈ દિવસ ભાડુ ચુકવી આપેલ નથી. ત્યારબાદ સદર પ્રતિવાદીઓએ કરેલો દાવો તેમની ગેરહાજરીને કારણે નામદાર કોર્ટે દાવો તા. ૦૫/૧૦/૨૦૧૬ ના રોજ કાઢી નાખેલો. પ્રતિવાદીઓને વાદીએ દાવાવાળુ મકાન અને દુકાન ભાડે આપેલ નથી પ્રતિવાદીઓએ તેનુ કોઈ દિવસ વાદીને ભાડુ આપેલ નથી અને વાદી વિજાપુર મુકામે

મકારાણી દરવાજા બહાર કરીયાણાની દુકાન ચલાવવાનો ધંધો કરીએ છીએ. વાદીને બે દિકરા છે જેમના નામ આશિષ તથા નિલેશ છે જેમાંથી નિલેશ માનસિક અસ્થિર છે અને અમો બધા હાલ આશિષનુ મકાન વિજાપુરમાં શાર્દુલ ટાઉનશીપ આવેલ છે તેમાં રહીએ છીએ. પરંતુ મારા દિકરા તથા તેની પત્નીને અમો તેમની સાથે રહીએ છીએ એ પસંદ નથી અને ઘરમાં દરરોજ નાની નાની બાબતોમાં બોલાચાલી, ઝગડા કંકાસ થાય છે. મારા દિકરાની પત્ની અમોને કહે છે કે તમો બધા પીપળાવાળાવાસમાં આવેલ મકાનમાં રહેવા જાઓ અમોને શાંતિથી રહેવા દો. અમો વાદીના પતિને કોઈ સાધન આવડતુ નથી અને અમારો કરીયાણાનો ધંધો મકરાણી દરવાજા બહાર ઠાકોરવાસ પાસે આવેલો છે અને અમારા પતિને દુકાન ખોલવા સવારે ૫.૩૦ વાગે જવુ પડે છે અને અમો વાદીના પતિની ઉમર હાલ – ૭૩ વર્ષની છે અને અમો વાદી બપોરે જમવાનુ આપવા ટીફીન લઈને ચાલતા – ચાલતા દુકાને જઈએ છીએ અને આવીએ છીએ અને અમારા પતિ દુકાન વધાવીને રાત્રે ૧૧ વાગે ઘરે આવે છે આમ અમારા પતિની ઉંમર થયેલ હોઈ જેથી અમોને ખુબ જ ચિંતા થયા કરે છે. જેથી પ્રતિવાદીને સદર દાવાવાળી મિલક્ત અમારે રહેણાંક તથા ધંધા માટે જોઈતી હોવાથી તથા અમારી ઉંમર થયેલ હોઈ અમો સીનીયર સીટીઝન હોઈ અમારે દાવાવાળા મકાન તથા દુકાની જરૂરીયાત હોઈ પ્રતિવાદીઓએ કરેલ ગેરકાયદેસરનો કબજો ખાલી કરી આપવા જણાવતા પ્રતિવાદી અમારી ઉપર દાદાગીરી કરે છે અને કહે છે આ મકાન તથા દુકાન

તો હુ આજીવન ખાલી નથી કરવાનો તમારાથી થાય તે કરી લેજો. જેથી અમો વાદીએ તા.૦૫/૦૯/ ૨૦૧૯ ના રોજ પ્રતિવાદીને એક નોટીસ વકીલશ્રી એમ.એસ.બુખારી મારફત તેમના લેટરપેડ ઉપર રજી.પો.એ.ડી થી આપેલી. જે પ્રતિવાદીને બજી ગયેલી છે. અને પ્રતિવાદીએ તે નોટીસનો વકીલશ્રી જતીન એ.બારોટ મારફત ઉડાઉ તથા ખોટો જવાબ તા.૨૭/૦૯/૨૦૧૯ ના રોજ આપેલો છે. જેથી પ્રતિવાદીઓનો ઈરાદો અમારૂ મકાન તથા દુકાન બથાવી પાડવાનો છતો થાય છે. જ્યારે અમો વાદી ઉંમર લાયક હોઈ અને રહેવા તથા ધંધાર્થે દુકાનની જરૂરીયાત હોઈ પ્રતિવાદી પાસેથી અમારુ મકાન તથા દુકાન ખાલી કરાવી પરત મેળવવા હાલનો દાવો કરેલ છે.જે દાવાનું કારણ પ્રતિવાદીઓએ દાવાવવાળું મકાન તથા દુકાન ખાલી કરી પરત સોંપવાનું જણાવતા ખાલી નહી કરવાની ધમકી આપેલ છેવટે અમો વાદીએ પ્રતિવાદીને તા.૦૫/૦૯/૨૦૧૯ના રોજ એક નોટીસ વકીલશ્રી એમ.એસ. બુખારી મારફત તેમના લેટર પેડ ઉપર રજી.પો.એડી.થી આપેલી. જે પ્રતિવાદીને બજી ગયેલ છે અને પ્રતિવાદીએ તે નોટીસનો વકીલશ્રી જતીન એ.બારોટ મારફત ઉડાઉ તતા ખોટો જવાબ તા.૨૭/૦૯/૨૦૧૯ના રોજ આપેલો છે. ત્યારથી દાવાનું કારણ આપ નામદાર સાહેબની કોર્ટમાં ઉત્પન્ન થઇ હાલ પણ ચાલુ છે. "

(૬) રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે પ્રતિવાદીને નોટીસની બજવણી કરવામાં આવેલ છે પરંતુ પ્રતિવાદીઓ દાવાના કામે હાજર થયેલા નથી અને તેઓએ કોઇ લેખિત જવાબ,વાંધા રજુ કરેલા નથી.

(૭) રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે ટ્રાયલ કોર્ટ દ્વારા આંક–૦૭ થી નિચે મુજબના મુદ્રા કાઢવામાં આવેલા છે.

**મુદ્દાઃ–**

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી મિલકતના માલિક છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓએ વાદીની દાવાવાળી મિલકતનું તાળુ તોડી તેમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તે મિલકતનો ગેરકાયેદસરનો કબજો ધારણ કરેલ છે?

૩. શું વાદી દાવાવાળી મિલકતનો પ્રતિવાદીઓ પાસેથી કબજો મેળવવા હકદાર છે?

૪. શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકાદાર છે.?

૫. શું હુકમ કે હુકમનામું

(૮) રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે આંક–૦૭ થી મુદ્રા કાઢવામાં આવેલા તે મુદ્રાઓનો ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં નિચે મુજબ નિર્ણય કરેલો છે.

| | | |
|---|---|---|
| ૧. | મુદા નં.૧ | હકારમાં, |
| ૨. | મુદા નં.૨ | નકારમાં, |
| ૩. | મુદા નં.૩ | હકારમાં, |
| ૪. | મુદા નં.૪ | હકારમાં, |
| ૫. | મુદા નં.૫ | આખરી હુકમ મુજબ, |

(૯) ઉપરોક્ત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

(૧૦) રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે આંક–૦૭ થી જે મુદ્દા કાઢવામાં આવેલા છે મુદ્દાઓ સાબિત કરવા માટે નિચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**મૌખિક પુરાવો**

| અનુ નંબર | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી મોદી સુભદ્રાબેન અરવિંદભાઇનું સરતાસનું સોગંદનામું | ૦૮ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રોપર્ટીકાર્ડ | ૧૨ |
| ૨ | વિજાપુર નગરપાલીકાનો પેમેન્ટની રશીદ | ૧૩ |
| ૩ | રેગ્યુ.દિ.મુ.નં.૨૫/૨૦૧૪ના કામે આંક–૦૧ લગતની દાવા અરજી | ૧૪ |
| ૪ | વિ.વ.શ્રી મારફતે આપવામાં આવેલ નોટીસ | ૧૫ |
| ૫ | વિ.વ.શ્રી મારફતે આપવામાં આવેલ નોટીસનો જવાબ તથા પ્રતિનોટીસ | ૧૬ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

આ સિવાય બીજો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો વાદીએ દાવાના કામે રજુ કરેલો નથી.

(૧૧) રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાનું અસલ રેકર્ડ ગંભીરતાથી ધ્યાને લેતાં દાવા પ્રતિવાદીઓએ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો દાવાના કામે રજુ કરેલો નથી. જેથી પ્રતિવાદીઓનો દાવાના કામે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો નથી.

(૧૨) આ કામે હાલની અપીલના નિર્ણય માટે રે.દિ.મુ. નં.૨/ ૨૦૨૦ના દાવાના કામે અસલ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધું.

(૧૧) ઉપરોકત હકીકતે હાલના અપીલના નિર્ણય માટે નિચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**મુદ્ધાઃ–**

૧. શું વિવાદી પુરવાર કરે છે કે, રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના દાવાને મંજુર કરતો આંક–૧૮ થી કરવામાં આવેલો હુકમ તથા આંક–૧૯ થી દોરવામાં આવેલ હુકમનામું કાયદા વિરુધ્ધનું, ગેરકાયદેસરનું, અસ્પષ્ટ, અનિયમિત, હકીકતથી વિરુદ્ધનું, ભૂલભરેલું, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ થવાને પાત્ર છે?

૨. શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદાઓ માટેના મારા નિર્ણયો નિચે મુજબ છે.

૧. મુદ્ધા નં.૧ નકારમાં

૨. મુદ્ધા નં.૨ આખરી હુકમ મુજબ

–// **કા ર ણો** //–

**મુદ્ધા નં.૧:–**

(૧૩) આ કામે હાલના વિવાદી રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ ના દાવાના પ્રતિવાદી છે. જયારે હાલના પ્રતિવિવાદી રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ ના દાવાના વાદી છે. જેથી પક્ષાકોરની ઓળખ જળવાઇ રહે અને ચર્ચામાં સરળતા રહે તેવા હેતુથી રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ ના દાવાના કામે પક્ષકારોની જે ઓળખ છે તે ઓળખ ધ્યાને લઈ હવે પછી સંબોધન કરવામાં આવશે તેથી પક્ષકારોની ઓળખના મુદ્ધા ઉપર તે મુજબ અર્થઘટન કરવાનું રહેશે.

(૧૪) **આ કામે હાલની અપીલની વિગત ધ્યાને લેવામાં આવે તો વિવાદીએ પોતાનું સરનામું અપીલમેમામાં " રહે,પીપળાવાળો વાસ, લાયબ્રેરીની પાસે, વિજાપુર, તા.વિજાપુર, જી. મહેસાણા " તે રીતે દર્શાવેલ છે**. વધુમાં **અપીલ મેમાના પાન નં.૭ ઉપર વિનોદસિંહ**

**લક્ષ્મણસિંહ ઠાકોર નાઓએ સોગંદનામું કરેલું છે અને સોગંદનામામાં પોતાનું સરનામું " રહે,પીપળાવાળો વાસ, લાયબ્રેરીની પાસે, વિજાપુર, તા.વિજાપુર, જી. મહેસાણા " તે રીતે દર્શવેલું છે**. આમ, વિવાદીએ અપીલ મેમામાં ટાઇટલ તેમજ સોગંદનામામાં પોતાનું જે સરનામું દર્શાવેલું છે તે એકજ છે. વધુમાં, **અપીલ મેમાના પાન નં. ૧ થી ૭ સુધીની વિગતો ધ્યાને લેવામાં આવે તો દાવાના કામે વાદીએ પ્રતિવાદીનું ખોટું સરનામું જાહેર કરેલું હોય તે રીતે કોઇ બચાવ રજુ કરેલો નથી**. વધુમાં રે.દિ.મુ.નં. ૨/૨૦૨૦ ની દાવા અરજીની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમાં વાદીએ પ્રતિવાદીનું સરનામું" રહે,પીપળાવાળો વાસ, લાયબ્રેરીની પાસે, વિજાપુર, તા.વિજાપુર, જી. મહેસાણા " નું હોવાનું જણાવેલું છે.

આમ, વાદીએ દાવા અરજીમાં પ્રતિવાદીનું જે સરનામું જાહેર કરેલું છે તે જ સરનામું પ્રતિવાદીએ અપીલના કામે પણ પોતાના સરનામા તરીકે તે જ સરનામું જાહેર કરેલું છે. જેથી પ્રતિવાદીનું ખોટું સરનામું દાવાના કામે જાહેર કરેલું હોય તેવું આ કીસ્સામાં કોઈ પણ જગ્યાએ જણાતું નથી.

વધુમાં, **દાવાનો સમન્સ પ્રતિવાદીને બજાવવામાં આવેલો છે. તે આંક–૦૫ થી ટ્રાયલ કોર્ટના રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. આ આંક–૦૫ થી બજાવવામાં આવેલા સમન્સમાં પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ નાઓનું સરનામું "રહે,પીપળાવાળો વાસ, લાયબ્રેરીની પાસે, વિજાપુર, તા.વિજાપુર" હોવાનું જાહેર કરવામાં આવેલું છે અને તેથી આ આંક–૦૫ વાળો દાવાનો સમન્સ પ્રતિવાદીઓને દાવાના જાહેર કરવામાં આવેલ સરનામે બજાવવામાં આવેલો છે**.આમ, પ્રતિવાદીઓને દાવાના કામે વાદીએ દાવો દાખલ કરેલો છે તેની જાણ થયેલી છે તેવું અદાલતે સાબિત થયાનું માનવું પડે તેમ માનું છું.

વધુમાં, **આ આંક–૦૫ વાળો સમન્સ ધ્યાને લેવામાં આવે તો તેમાં મુદત તારીખ ૧૧/૦૨/૨૦૨૦ની ફરમાવવામાં આવેલ છે. આમ પ્રતિવાદીને દાવાનો સમન્સ આંક–૦૫ થી પ્રતિવાદીના કાયદેસરના**

**<u>સરનામે બજી ગયેલ છે અને દાવાની મુ.તા.૧૧/૦૨/૨૦૨૦ની છે તેની જાણ પ્રતિવાદીને થયેલી છે તેવું સાબિત થયેલું અત્રેની એપેલેટ કોર્ટનું શુદ્ધબુદ્ધીપુર્વકનું માનવું છે</u>**.

(૧૫) દાવાના કામે આંક–૦૫ પ્રતિવાદીઓને મુદત તારીખ ૧૧/૦૨ /૨૦૨૦ના રોજનો દાવાનો સમન્સ બજ્યો છે ત્યારબાદ પ્રતિવાદી અદાલતમાં હાજર થયેલા હોય તેવું રેકર્ડ જોતાં જણાઇ આવતું નથી. ટ્રાયલ કોર્ટ દ્રારા રે.દિ.મુ.નં. ૨/૨૦૨૦ ના દાવાના ચુકાદો તા.૨૪/ ૦૨/૨૦૨૨ના રોજ આપેલો છે. આમ પ્રતિવાદીઓને દાવાનો સમન્સ બજ્યા બાદ દાવાની મુદત તારીખ ૧૧/૦૨/૨૦૨૦ની હોવાની જાણ થયા બાદ અદાલતે દાવાના ગુણદોષ ઉપર નિર્ણય કર્યો તે વચ્ચે ૨ વર્ષ અને ૧૩ દિવસનો સમય થયેલો છે. આ ૨ વર્ષ અને ૧૩ દિવસનો સમય દરમ્યાન પ્રતિવાદીઓએ દાવાનો સમન્સ બજ્યા બાદ દાવાની ઈન્સાફી કાર્યવાહીમાં પોતે હાજર થયેલા હોય અથવા હાજર થવા માટે પ્રશ્ન કરેલો હોય તે રીતની કોઇ વિગત અપીલના કામે અપીલ મેમામાં જાહેર કરેલી નથી તેમજ આંક–૧૬ થી જે લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તે લેખિત દલીલોમાં કોઈપણ જગ્યાએ લાંબા સમયગાળા દરમ્યાન પોતે કયા કારણથી દાવાના કામે હાજર થયેલા નથી તેનો કોઇ ખુલાસો કરી શકેલા નથી. આમ પ્રતિવાદીને દાવાના કામે વાદીએ દાવો દાખલ કરેલો છે અને તકરારી મિલકત સંદર્ભે દાદની માંગણી કરેલી છે તેવી જાણ થયા બાદ દાવામાં બચાવ કરવા માટે પ્રયત્ન કરેલો નથી. વધુમાં, **<u>આ ૨ વર્ષ અને ૧૩ દિવસનો સમય દરમ્યાન પોતાના આવા કોઈ વિશિષ્ટ સંજોગો હતા કે જેના કારણે તેઓ કોર્ટમાં હાજર થઈ શકેલા નહી તેવો કોઈ જ ખુલાસો કરી શકતા નથી</u>**. તેથી પ્રતિવાદીઓ રે.દિ. મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે જાણી જોઇને ઈરાદાપુર્વક ગેરહાજર રહેલા છે તેવું ઉપરોકત ચર્ચાની વિગતે સાબિત થાય છે તેમ માનું છું.

વ્યવહારના સામાન્ય ક્રમમાં કાયદો જાગતાને મદદ કરે છે, ઉંઘતાને મદદ કરતો નથી તે બાબતને પણ ધ્યાને લેવી પડે અને તેથી

આ કીસ્સામાં પ્રતિવાદીએ ઈરાદાપુર્વક બેદરકારી દાખવેલી હોય અથવા તો પ્રતિવાદીઓએ બચાવ કરવા માટે પ્રયત્ન કરેલો ન હોય અને સુસુપ્ત રહેલા હોય તો તેનાથી ઉભા થયેલ પરિણામો પણ પ્રતિવાદીઓએ જાતે ભોગવવા પડે. પ્રતિવાદીઓની પોતાની બદરકારી અને નિષ્કાળજીના કારણે જો કોઈ પરિસ્થીતી ઉભી થયેલ છે તો તે માટે પ્રતિવાદીઓ વાદીને જવાબદાર ઠેરવી શકે નહી તેવું મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનું માનવું છે. આવા સંજોગોમાં પ્રતિવાદીઓએ દાવાના કામે બચાવ કરવા માટે કોઈ પ્રયત્ન કરેલો નથી અને કોઈ બચાવ કરેલો નથી તેવું રેકર્ડ ઉપર સ્પષ્ટ સાબિત થાય છે તેમ માનું છું.

(૧૬) આવા સંજોગોમાં વાદીએ દાવાના કામે આંક–૦૮ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને વાદીએ દાવા અરજીમાં જે કોઈ વિગતોનું પ્લીડીંગ કરેલું છે તે વિગતોને સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે અને પ્રતિવાદી તર્ફે વાદીએ સોગંદ ઉપર જાહેર કરેલી વિગતોને ઉલટતપાસ કરી પડકારેલ નથી. તેથી પ્રતિવાદીએ આંક–૦૮ વાળી સોગંદ ઉપરની વાદીની જુબાનીમાં જે કોઈ વિગતો વાદીએ જણાવેલી છે તે ગર્ભીત રીતે કબુલ મંજુર રાખેલ છે તેવું અદાલતે માનવુ પડે. વધુમાં આંક–૦૮ ની સોગંદ ઉપરની જુબાનીની સાથે તે વિગતોના સમર્થનમાં આંક–૧૨ થી સીટી સર્વે કચેરીનું પ્રોપર્ટી કાર્ડ, આંક–૧૩ થી વિજાપુર નગરપાલીકાના વેરો ભર્યાની પાવતી, આંક–૧૪ થી રે.દિ.મુ.નં. ૨૫/૨૦૧૪ની દાવા અરજીની સાથેની નકલ, આંક–૧૫ થી વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસની સ્થળપ્રત, આંક–૧૬ થી પ્રતિવાદીએ વાદીને આપેલો નોટીસનો જવાબ રજુ થયેલો છે. તે સંજોગોમાં આ તમામ બાબતોને ધ્યાને લેતાં વાદી દાવાવાળી તકરારી મિલકતના માલિક હોવાની હકીકત સાબિત થાય છે અને ટ્રાયલ કોર્ટે આંક–૦૭ થી ફરમાવવામાં આવેલ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપેલો છે તેથી અત્રેની એપેલેટ કોર્ટ દ્વારા ટ્રાયલ કોર્ટની આંક–૦૭ થી

ફરમાવવામાં આવેલા મુદ્ધાઓ પૈકીના મુદ્ધા નં.૧ નો જવાબ હકારમાં આપે છે.

વધુમાં, રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે આંક–૦૭ થી ફરમાવવામાં આવેલા મુદ્દાઓ પૈકાના મુદ્દા નં. ૨ નો ટ્રાયલ કોર્ટ દ્વારા જવાબ નકારમાં આપવામાં આવેલ છે અને અત્રેની એપેલેટ કોર્ટ દ્વારા પણ વાદીની આંક–૦૮ ની જુબાની તથા દસ્તાવેજી પુરાવાઓના આધારે મુદ્દા નં.૨નો જવાબ નકારમાં આપે છે અને તેથી અત્રેની એપેલેટ કોર્ટ દ્વારા આંક–૦૭ થી ફરમાવવામાં આવેલા મુદ્દા પૈકીના મુદ્દા નં.૨ ના જવાબની સાથે સહમત થાય છે.

વધુમાં, રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ના દાવાના કામે આંક–૦૭ થી ફરમાવવામાં આવેલા મુદ્ધાઓ પૈકા મુદ્ધા નં.૩ નો જવાબ ટ્રાયલ કોર્ટ દ્વારા હકારમાં આપવામાં આવેલો છે. તેથી અત્રેની એપેલેટ કોર્ટ દ્વારા આંક–૧૮ થી જુબાની તથા તેને સંલગ્ન રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે વાદી દાવાવાળી તકરારી મિલકતનો કબજો પ્રતિવાદી પાસેથી કાયદેસર રીતે પરત મેળવવા માટે હકદાર બને છે તેવું સાબિત થયેલાનું માને છે અને તેથી અત્રેની એપેલેટ કોર્ટ પણ ટ્રાયલ કોર્ટના મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપે છે. આવા સંજોગોમાં અત્રેની એપેલેટ કોર્ટ મુદ્ધા નં.૩ ના જવાબની સાથે સહમત થાય છે તેમ માનું છું.

વધુમાં ટ્રાયલ કોર્ટ દ્વારા મુદ્દા નં. ૪ તથા ૫ નો જે જવાબ આપવામાં આવેલો છે તે સંદર્ભે મુલ્યાંકન કરતાં વાદી દાવાવાળી તકરારી મિલકતનો કબજો પ્રતિવાદી પાસેથી કાયદેસર રીતે મેળવવા હકદાર બનતા હોવાથી વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે કાયદેસર રીતે હકદાર બને છે. તેથી ટ્રાયલ કોર્ટે મુદ્દા નં. ૪ તથા ૫ નો જે જવાબ આપેલો છે તે કાયદેસરનો છે અને અત્રેની કોર્ટ તેની સાથે સહમત થાય છે તેમ માનું છું.

(૧૭) આમ ઉપરોકત ચર્ચા તથા વિગતો વંચાણે લેતાં રે.દિ.મુ.નં.

૨/૨૦૨૦ના દાવાના કામે ટ્રાયલ કોર્ટ દ્વારા દાવાનો નિર્ણય કરતી વખતે આંક-૦૭ થી ફરમાવવામાં આવેલ મુદ્દાઓના નિર્ણય દાવાના કામે રજુ થયેલા પુરાવા આધારે કાયદેસર અને યોગ્ય કરેલા છે અને અત્રેની એપેલેટ કોર્ટ પણ તે નિર્ણય તથા નિર્ણય માટે આપવામાં આવેલા કારણોની સાથે સહમત થાય છે. તેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસરનું, વ્યાજબી, પૂરતું, મુનાસિફ ન્યાયિક કારણ મને જણાતું નથી અને તેથી અત્રેની કોર્ટના મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપું છું.

**<u>મુદ્દા નં.૨</u>:-**

(૧૮) **<u>રે.દિ.મુ.નં. ૨/૨૦૨૦ના દાવાના કામે પ્રતિવાદી દાવાનો સમન્સ બજ્યા બાદ ૨ વર્ષ અને ૧૩ દિવસ સુધી ટ્રાયલ કોર્ટમાં દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેમ હાજર રહેલા નથી તે સમયગાળાનો તેઓ કોઈ ખુલાસો કરી શકતા નથી</u>**. આમ, પ્રતિવાદીએ જાણી જોઇને દાવાના કામે બચાવ કરવા માટે કોઈ પ્રયત્ન કરેલો નથી. આવા સંજોગોમાં કાયદો જાગતાને મદદ કરે છે ઉંઘતાને મદદ કરતો નથી તે આ કીસ્સામાં પ્રતિવાદીને લાગુ પડે છે તેમ માનું છું. ટ્રાયલ કોર્ટ દ્વારા દાવાના કામે વાદીએ રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું કાયદાની જોગવાઈ અંતર્ગત યોગ્ય ન્યાયીક અને તટસ્થ મુલ્યાંકન કરેલું છે. જેથી અત્રેની એપેલેટ કોર્ટ તે મુલ્યાંકન ની સાથે સહમત થાય છે. તેમજ મુલ્યાંકન માટે આપવામાં આવેલા કારણો સાથે પણ સહમત થાય છે. આવા સંજોગોમાં રે.દિ.મુ.નં. ૨/૨૦૨૦ના કામે આંક-૦૭ થી ફરમાવવામાં આવેલા મુદ્દાઓ નં. ૧ થી ૫ ના ટ્રાયલ કોર્ટ દ્વારા જે નિર્ણયો કરવામાં આવેલ છે તે નિર્ણયોની સાથે અત્રેની કોર્ટ સંપુર્ણ સંમત્ત થાય છે. વધુમાં ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાનું મુલ્યાંકન કરવામાં કોઈ કાયદાની શરતચુક કરેલી હોય કે કોઈ હકીકતની ભુલ થયેલી હોય તેવું પણ રેકર્ડ જોતાં કયાંય જણાઈ આવતું નથી. જેથી ઉપરોકત તમામ ચર્ચાની વિગતો ધ્યાને લેતાં રે.દિ.મુ.નં. ૨/૨૦૨૦ના કામે વાદીના

દાવાને મંજુર કરતો હુકમ તથા હુકમનામામાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસરનું કોઈ કારણ અત્રેની એપેલેટ કોર્ટને જણાતું નથી અને તેથી એપેલન્ટની હાલની અપીલ મંજુર કરી શકાય નહીં તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–// હુ ક મ //–**

આથી વિવાદીની હાલની અપીલ નામંજુર (રદ) કરવામાં આવે છે.

આથી રે.દિ.મુ.નં. ૨/૨૦૨૦ ના કામે વાદીના દાવાને મંજુર કરતાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, વિજાપુરનાઓના આંક–૧૮ થી તા.૨૪/૦૨/૨૦૨૨૨ના રોજ કરવામાં આવેલ હુકમ તથા આંક–૧૯ થી તા.૨/૦૩/૨૦૨૨ના રોજ દોરવામાં આવેલ હુકમનામાને આથી કાયમ કરવામાં આવે છે.

વિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

પ્રતિવિવાદીને હાલના અપીલના કામે થયેલ ખર્ચ વિવાદીએ ભોગવવો.

હુકમની એક નકલ રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ ના દાવાના કામે રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

રે.દિ.મુ.નં.૨/૨૦૨૦ ના દાવાનું અસલ રેકર્ડ તાત્કાલિક અસરથી ટ્રાયલ કોર્ટને પરત મોકલવું.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૩૦/૦૪/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ

મહેસાણા

જીજે૦૦૬૯૧